# શહેરના બજારોમાં દિવાળીની ઘરાકી

**દુકાનોમાં ગ્રાહકોનો ઝગમગાટ : સે-૨૧, સે-૨૪ અને સે-૭ ના શોપિંગ બજારમાં ભારે ભીડ : મોડીરાત સુધી ગ્રાહકોની અવરજવર : કોરાના કાળમાં લાંબા સમયના અંતે બજારમાં રોનક જોવા મળતા વેપારીઓમાં હર્ષની લાગણી**





ગાંધીનગર તા ૮

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી કોરાનાના લીધે વેપાર ધંધા મંદ છે. જયારે દિવાળીના તહેવારો નજીકમાં આવતા હવે ધીમે ધીમે બજારમાં હલચલ વધી છે. દિવાળીના તહેવારના લીધે વેપાર ધંધામાં નમવો પ્રાણ ફુકાયો છે. હાલ શહેરના શોપિંગ બજારમાં દિવસે અને રાત્રે ભીડ જોવા મળી રહી છે. છેલ્લા બે ત્રણ દિવસથી શહેરના સે-૨૧, સે-૨૪ અને સે-૭ ના બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. દિવાળીના દિવસો જેમ નજીક આવતા જાય છે. તેમ તેમ બજારમાં ભીડ જામી રહી છે. ગઈકાલે અને આજે પણ દિવાળી પુર્વેના આખરી શનિવાર અને રવિવારની રજામાં નગરજનોએ સોના ચાંદી, કપડા સહીત ક્રોકરી તેમજ નાસ્તા મીઠાઈની ચીજવસ્તુઓની ખરીદીમાં જોર લગાવ્યુ હતુ. જયારે રેડીમેડ ગાર્મેન્ટની દુકાનોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી.

શહેરમાં છેલ્લા આઠ મહીનાથી સેકટરોના શોપિંગ બજારમાં મહદઅંશે જરૂરી ચીજવસ્તુઓની ખરીદી જ થતી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરનો એર ક્વોલીટી ઈન્ડેક્ષ ચિંતાજનક બન્યો

**હવાનુ વધતુ જતુ પ્રદૂષણ પાટનગરવાસીઓની ચિંતા**

ગાંધીનગર, તા. ૮

પ્રદૂષણમુક્ત ગણાતા રાજ્યના પાટનગરમાં જ હવાનુ પ્રદૂષણનુ સ્તર હેઝાર્ડ દર્શાવતા પાટનગરવાસીઓના શ્વાસ અદ્ધર થઈ જવા પામ્યા છે.

એક સમયે ગ્રીનસીટી તરીકે ઓળખાતા પાટનગરને તેની ગ્રીનસીટીની ઓળખ ગુમાવી દીધી છે. છેલ્લા દસકમાં સાત હજારથી પણ વધુ વૃક્ષો દૂર કરાયા છે અને હેવ પાટનગરમાં હવાનું પ્રદૂષણ ફેલાતુ જોવા મળતાં પાટનગરવાસીઓ માટે એક નવી ચિંતાનો વિષય ઉભો થયો છે.

ગાંધીનગર શહેરમાં એક પાટનગરવાસીએ એર ક્વોલીટી અંગે તેના મોબાઈલમાં જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમાં ખુબ જ ચિંતાજનક વિગતો જણાતાં તેણે આ બાબતે અખબારને જાણ કરી હતી.

એરક્વોલીટી ઈન્ડેક્ષમાં હેઝાર્ડ દર્શાવાયુ છે એટલુ જ નહિ એર ક્વોલીટી એડસ્ટીમલી પુઅર ઘરમાં રહેવા અને બારી-બારણાં પણ બંધ રાખવાની તાકીદ કરવામાં આવી હતી.

શહેરમાં હવાના પ્રદૂષણને માપવા માટે ખાસ સ્ટેન્ડ મુકવામાં આવ્યા છે પરંતુ તેમાં તકનીકી ક્ષતિને કારણે લગભગ બંધ હાલતમાં તેઓ પાટનગરના રાજમાર્ગો પર ઉભા છે.

શહેરમાં જીઈબીથી થતા પ્રદૂષણ અને ડમ્પીંગ સાઈટના અભાવે સ્મશાન નજીક કોતરોમાં ઉભી કરાયેલ ડમ્પીંગ સાઈટનું પ્રદૂષણ પણ ચિંતાજનક છે. જો કે પાટનગરવાસીઓ હવાના પ્રદૂષણથી ત્રાહિમામ પોકારી ગયા છે. મહાત્મા મંદિર નજીક પણ હવાનુ પ્રદૂષણ સાંજના સમયે વધુ જોવા મળી રહ્યુ છે. શહેરમાં વૃક્ષોનું વાવેતર થાય છે પરંતુ કેટલા ઉછરે છે તેનો હિસાબ હજુ સુધી મળતો નથી. ખરાબ ઘાસચારો જે ઉગી નીકળ્યો છે તેની પણ સ્વચ્છતા એક મુદ્દો બનીને ઉભરી આવેલ છે. આ બધી સમસ્યાઓ વચ્ચે પાટનગરનો એર ક્વોલીટી ઈન્ડેક્ષ બગડતાં પાટનગરવાસીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.

# જિલ્લામાં આજથી પાંચ દિવસ દરમ્યાન માસ ટેસ્ટીંગ કરાશે

**૩૦ સ્થાનો પર કેમ્પસાઈટ બનાવાશે : કોરોના સામે વધુ આક્રમક બની જંગ લડવા તંત્રએ તૈયારીઓ પૂરી કરી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણને ખાળવા માટે આજથી પાંચ દિવસ દરમ્યાન માસ સેમ્પલીંગ કરવાનો તંત્રએ નિર્ણય કર્યો છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે તા. ૯ થી ૧૩ નવેમ્બર જિલ્લામાં ૩૦ જેટલા મોટા ગામોને જોડતા માર્ગો-(ચોકડી) સર્કલો પર આ ઝુંબેશ હાથ ધરવાનું આયોજન છે. આજ અભિયાનનો બીજો તબક્કો દિપાવલી પર્વ પછી હાથ ધરવામાં આવશે. હાલ પાંચ દિવસના આ અભિયાન અંગેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ અને ભાજપના અગ્રણી જયેશ ચૌધરીએ માસ સેમ્પલીંગ કરવા માટે આવા સ્થાનો પર કેમ્પસાઈટ શરૂ કરવા માટે જિલ્લા કલેક્ટર અને ડી.ડી.ઓ.ને પત્ર લખ્યો હતો તે પણ ઉલ્લેખનીય છે.

શિયાળામાં આ સંક્રમણના કેસો વધી શકે છે તેવો ભય પણ વિવિધ સંશોધનોમાં તારણરૂપે અખબારી અહેવાલોમાં ચમક્યા છે. જો કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ પછી તંત્રએ વધુ આક્રમકતા સાથે કોરોનાનો જંગ લડવા માટે મન બનાવી લીધુ છે.

મળતી વિગતો પ્રમાણે ૩૦ થી પણ વધુ ટીમોનું ગઠન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે એટલુ જ નહિ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓને પણ કેમ્પસાઈટ સાથે સાંકળવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં કોરોના સામેના જંગને વધુ આક્રમક બનાવવા માટે માસ ટેસ્ટીંગનું આ અભિયાન હાથ ધરાયાની સાથે સાથે ગ્રામ્ય

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના વધુ ૨૦ કેસ

**કોરોનાના કેસોની સંખ્યા ૨ હજારને પાર કરી ગઈ : શહેરમાં આજે સે. ૫ માંથી ૪, સે. ૬, ૨૧, ૨૫ અને જીઈબીમાંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૧૩, ૪, ૨૭, ૨, ૩, ૨૩, ધોળાકુવા ગામેથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૨૦૧૯ થઈ છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યાં છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. આજે પણ મળી આવેલા દર્દીઓમાંથી મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે પણ શહેરમાંથી ૬ મહિલા દર્દીઓ મળી આવી છે.

શહેરમાં મોટીવયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે અને મહિલા દર્દીઓ મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના વિવિધ પગલાંઓના અમલીકરણમાં કડકાઈ સાથે કામ લેવા માટેની વ્યુહરચના તંત્ર દ્વારા અમલી બનાવવાનું મન બનાવી લેવાયુ હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે સે. ૫ માંથી ૪, સે. ૬, ૨૧, ૨૫ અને જીઈબીમાંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૧૩, ૪, ૨૭, ૨, ૩, ૨૩, ધોળાકુવા ગામેથી કેસ મળી આવેલ છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી ૨૦ થી વધુ કેસો મળી રહ્યા છે. શહેરમાં ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

સે. ૪ માં રહેતા અને અમદાવાદ ખાતે કેનેરા બેંકમાં મેનેજર તરીકે ફરજો બજાવતા ૩૯ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૧૩ માં રહેતા અને બેંગ્લોર ખાતે એન્જીનીયર તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧ માંથી ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ પણ હોમ હોઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેર-જિલ્લામાં કોરોનાના કેસ કેટલા ? સરકાર કહે છે કે ૬૬ તો સ્થાનિક તંત્ર કહે છે ૩૨

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં આજે ભારે ઉછાળો જોવા મળ્યો છે. રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં ગાંધીનગર શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૪૦ બતાવાઈ છે. જ્યારે મનપા તંત્રએ ૨૦ દર્દીઓ હોવાનું જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ૧૨ કેસ દર્શાવાયા છે જ્યારે રાજ્ય સરકારે ૨૬ કેસ દર્શાવ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના સંક્રમિતોની સંખ્યાનો વિવાદ શરૂઆતથી ચાલ્યો આવે છે પરંતુ તંત્ર દ્વારા તેમાં સામ્યતા જળવાય તેવા કોઈ પ્રયાસ સરકાર કે તંત્ર દ્વારા થતા હોય તેમ જણાતુ નથી.

આજે શહેર-જિલ્લામાં ૩૨ કેસ બતાવવામાં આવ્યા છે જ્યારે સરકારે ૬૬ કેસ દર્શાવ્યા હોવાથી સૌના જીવ પડીકે બંધાયા છે. જિલ્લાની અખબારી યાદી આજે બે વખત આપવામાં આવી હોવા છતાંય તેમાં વિસંગતતા આવતાં લોકોમાં આશ્ચર્ય થયુ છે.

# દિવાળી ટાણે એ.ટી.એમ. જ કેશલેસ

ગાંધીનગર તા ૮

શહેરના એ ટી એમ કેસલેસ બની જતા દિવાળીના તહેવાર ટાંણે નાગરિકોને એ ટી એમમાંથી રોકડ મળતી નથી. જેના લીધે બજારમાં ખરીદી કરવા ગયેલા નગરજનોએ એક બાદ એક એ ટી એમના ધક્કે ચઢવાનો વારો આવે છે. શનિવારે પણ પુષ્યનક્ષત્ર હોવાના લીધે નગરના ગોલ્ડ બજારમાં ભારે ભીડ જોવા મળી હતી જયારે આ દરમિયાન એ ટી એમમાંથી રોકડ ન મળતા ખરીદકર્તાઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. સે-૨૧ ના બજારમાં પણ મોટાભાગના બધા એ ટી એમમાં કેશ ન હતી જેના લીધે કેશલેસ એ ટી એમ માં પણ ભીડના દ્રશ્યો જોવા મળ્યા હતા. જો કે બાદમાં કેસ ન હોવાનુ સ્પષ્ટ થતા નાગરિકોએ રોષની લાગણી વ્યકત કરી હતી. દિવાળીની ખરીદીના સમયે વિવિધ બેંકોના એ ટી એમમાં કેશ ન હોવાના લીધે ગ્રાહકોને નાછુટકે ઓનલાઈન પેમેન્ટનો ઉપયોગ કરવો પડયો હતો. પુષ્યનક્ષત્રના લીધે શનિવારે મોડીરાત સુધી સે-૨૧, સે-૨૪ અને સે-૭ ના બજારમાં ભીડ જોવા મળી હતી. સોના ચાંદીની દુકાનો ગ્રાહકોથી ભરેલી રહી હતી.

દિવાળી પુર્વેના શનિ રવિની રજાના દિવસોમાં બજારમાં ખરીદી માટે વિશેષ ભીડ રહી હતી જયારે એ ટી એમ મશીનમાં રોકડ ન હોવાના લીધે ગ્રાહકોની સાથે વેપારીઓએ પણ આક્રોશ વ્યકત કર્યો હતો. જો કે દરેક વેપારીઓ એ ટી એમ કાર્ડ સ્વાઈપ કરવાની સુવિધા પણ રાખે છે. પરંતુ ગ્રાહકો પણ એ ટી એમમાંથી રોકડ ઉપાડીને જ ચુકવવાનો આગ્રહ રાખતા આ સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે દિવાળીના તહેવાર ટાંણે એ ટી એમમાં કેશ ભરવામાં આવે તેવી માંગ પણ ગ્રાહકો અને વેપારીઓમાં પ્રબળ બની છે.

# ગ્રામીણ વિસ્તારમાં વધુ ૧૨ કેસ

**કોરોનાથી સંક્રમિત અને કોરોનામુક્ત થનાર દર્દીઓની સંખ્યા સમાન, ગાંધીનગરમાં ૫, દહેગામમાં ૩, કલોલમાં ૪ કેસ : સારવાર દરમ્યાન ૧ નું મોત**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૨ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. સારવાર દરમ્યાન વધુ એક દર્દીનું મોત થયુ છે.

માણસા તાલુકાના ૭૦ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અવસાન થયુ છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્ર ચિંતીત છે. ખાસ કરીને મોટીવય ધરાવતા દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે અને કોરોના ઘાતક બને છે તેથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે પણ પાંચ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૧૨ કેસમાં ૭ મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૫, દહેગામમાં ૩ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં જે રીતે સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તેને લઈ તંત્રએ માસ ટેસ્ટીંગ અભિયાન એક સપ્તાહ માટે યોજવાનો પણ નિર્ણય કર્યો છે.

ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા ગામે કોરોનાએ આજે પુનઃ હાજરી પુરાવી છે. આ ગામથી ૨૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોલવડા ગામેથી ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૪૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખેડૂતને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ખોરજ ગામેથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ત્રણેય કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના સિલોડિયા ગામેથી ૪૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**



મારાં ધર્મપત્ની શ્રીમતી અ. સૌ. **શકુંતલાબેન મંગળભાઈ નાયક (ઉંમર:૮૧ વર્ષ)** તા.૦૭-૧૧-૨૦૨૦ને શનિવારના રોજ ગાંધીનગર ખાતે સ્વર્ગસ્થ થયાં છે.

**વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા.૦૯-૧૧-૨૦૨૦ સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે**

**મંગળભાઈ છગનલાલ નાયક (એમ.સી.નાયક) (આઈ.એ.એસ., નિવૃત્ત)**
M. 94295 19686, Ph.No. 079 - 23235153

**સરલા એમ. નાયક** (પુત્રી) નિવૃત્ત, ઓફિ.સુપ્રિ., માહિતી ખાતું M.94082 88859
**અનિલ એમ. નાયક** (પુત્ર) માનસી ફેશન હબ, સે.૨૧ M.94265 80800
**બિમલ એમ. નાયક** (પુત્ર) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., M.84888 68645
**કાર્તિક પી. નાયક** (ભાણેજ જમાઈ)
**ચારૂ એ. નાયક** (પુત્રવધૂ)
**સોનલ બી. નાયક** (પુત્રવધૂ)
**માનસી એ. નાયક** (પૌત્રી)
**રાજ એ. નાયક** (પૌત્ર)
**ઋષભ બી. નાયક** (પૌત્ર)
**દિયા** (દૌહિત્રી) - **દિવ્ય** (દૌહિત્ર)
**ઈશિતા નાયક** (ભાણી)

**સ્થળ : પ્લોટ નં.૧૭૬, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર**

**બેસણું**



અમારા વ્હાલા શ્રી **દુષ્યંતકુમાર બહેચરભાઈ શ્રીમાળી, નિવૃત્ત નાયબ સેક્શન અધિકારી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય** તા. ૫.૧૧.૨૦૨૦ના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા. ૯.૧૧.૨૦૨૦ને સોમવારે સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સરનામું : "પાલીબા", પ્લોટ નં. ૬૦/૨, સેક્ટર : ૩ ન્યુ, ઘ ૧ પાસે, ગાંધીનગર. મો. : 8780076544

**ગં.સ્વ. મધુબેન ડી. શ્રીમાળી** (પત્ની)
**દિપ્તી ડી. દેસાઈ** (પુત્રી) | **દિનેશ બી. શ્રીમાળી** (ભાઈ)
**રશેષ ડી. દેસાઈ** (પુત્ર) | **ભાનુબેન ડી. શ્રીમાળી** (દેરાણી)

**મતદારયાદીની સુધારણા–૨૦૨૧**

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ–૨૦૨૧ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક**

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?
શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?
શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી કયાં જોવા મળશે ?**

**તા.૦૯–૧૧–૨૦૨૦ થી તા.૧૫–૧૨–૨૦૨૦ સુધી મતદારયાદીનો મુસદ્દો,**

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- પ્રાંત અધિકારી/મામલતદારની કચેરી
- મ્યુનિસિપાલિટીની કચેરી

ખાતે રાખવામાં આવેલ છે, જયાં આપના નામ, ફોટો સાથેની વિગતોની રૂબરૂ ચકાસણી કરી શકશો. આપ ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in અને www.ceo.gujarat.gov.in પર પણ આપના નામની ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ચૂંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન "Voter Helpline" ડાઉનલોડ કરી તેમાં આપની વિગતની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- ❖ તા.૦૧–૦૧–૨૦૨૧ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના–૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)**માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- ❖ મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના–૭** માં અરજી કરવી.
- ❖ મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા **નમૂના–૮** માં અરજી કરવી.
- ❖ એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના–૮(ક)** માં અરજી કરવી.

- **ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.**
- **ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.**

તા.૨૨–૧૧–૨૦૨૦(રવિવાર), તા.૨૯–૧૧–૨૦૨૦(રવિવાર), તા.૦૬–૧૨–૨૦૨૦(રવિવાર) અને તા.૧૩–૧૨–૨૦૨૦(રવિવાર)ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ **સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦** કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ ઉપરોકત દિવસોએ પરત આપી શકશો.

**હવે SMS ધ્વારા પણ વિગતો ચકાસી શકાશે**

**આપના મોબાઈલથી ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૧૯૫૦ નંબર પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.**

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર (કામકાજના સમય દરમ્યાન) સંપર્ક કરો**

**સાવધાન**

**એક કરતાં વધુ વખત મતદારયાદીમાં નામ નોંધાયેલ હોય તો લોકપ્રતિનિધિત્વ ધારા–૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે**

**અરજી કરવાની તારીખ : ૦૯–૧૧–૨૦૨૦ થી તા.૧૫–૧૨–૨૦૨૦ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત**


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com